સ્ટેટ GST વિભાગે એકસાથે 5000 નોટિસ ફટકારતાં વેપારીઓ ફફડ્યા

વર્ષ 2020-21 અને 2021-22ની મિસમેચ અંગે નોટિસો ઈશ્યુ કરી

31 ઓગસ્ટ-2026 નોટિસ આપવાની છેલ્લી તારીખ હોવાથી સ્ટેટ જીએસટી વિભાગે હિસાબોના ખુલાસા માંગ્યા

સુરતઃ ગુજરાત સ્ટેટ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગ દ્વારા કરચોરી રોકવા અને ટેક્સ વસૂલાત સુદ્રઢ કરવા માટે રાજ્યભરના વેપારીઓ સામે મોટી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જીએસટી વિભાગ દ્વારા નાણાકીય વર્ષ 2020-21 અને વર્ષ 2021-22 દરમિયાન ફાઈલ કરાયેલા રિટર્નમાં મોટાપાયે જોવા મળેલી વિસંગતતાઓ બદલ અંદાજે 5000 જેટલા વેપારીઓને આકરા આખરી ખુલાસા પૂછતી નોટિસો ફટકારવામાં આવી છે.

નિયમોનુસાર, આ નાણાકીય વર્ષોના બાકી નીકળતા વેરા, વ્યાજ કે પેનલ્ટીના આદેશો પસાર કરવા માટે નોટિસ ઈશ્યુ કરવાની અંતિમ સમયસીમા 31 ઓગસ્ટ 2026 નક્કી કરવામાં આવી છે. આ સમયમર્યાદા નજીક આવી રહી હોવાથી એસજીએસટી તંત્ર સફાળું જાગ્યું છે અને બાકી રહેલા તમામ શંકાસ્પદ કેસોમાં નોટિસો ઈશ્યુ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે તેજ કરી દેવામાં આવી છે. અચાનક હજારોની સંખ્યામાં આવેલી આ નોટિસોને કારણે વેપારી આલમ અને ટેક્સ કન્સલ્ટન્ટ્સમાં ભારે દોડધામ મચી ગઈ છે. આગામી દિવસોમાં તપાસનો વ્યાપ હજુ વધે તેવી પૂરેપૂરી સંભાવના છે.

શા માટે અપાઈ નોટિસ?

આ નોટિસો મુખ્યત્વે વેપારીઓએ ફાઈલ કરેલા પત્રકો જેમ કે GSTR-1, GSTR-3B અને ખરીદીના પત્રક GSTR-2A/2B વચ્ચે જોવા મળેલા મિસમેચ, ખોટી રીતે મેળવેલી ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) અને ટર્નઓવરમાં તફાવતના કારણે આપવામાં આવી છે.

વેપારીઓ પાસે મંગાયા હિસાબોના ખુલાસા

નોટિસોમાં વેપારીઓ પાસે તેમના નાણાંકીય વ્યવહારો, ખરીદ-વેચાણના પાકા બિલો અને આઈટીસીના સમર્થનમાં જરૂરી તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથેના ખુલાસા મંગાવવામાં આવ્યા છે. જો વેપારીઓ નિયત સમયમર્યાદામાં સંતોષકારક ખુલાસો સબમિટ નહીં કરે, તો વ્યાજ અને ભારે પેનલ્ટી સાથે ટેક્સની વસૂલાત માટેની આકરી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

હરિપુરામાં બંધ હાલતનું 2 માળનું મકાન ધરાશાયી, 205 મિલકત હજુ જોખમી

ધડાકાભેર મકાન તૂટી પડતાં ભયનો માહોલ સર્જાયો

સુરતઃ મંગળવારે સાંજે ભાગળના હરિપુરા વિસ્તારમાં આવેલી સુખડિયા શેરીમાં બંધ હાલતનું બે માળનું મકાન અચાનક ધડાકાભેર તૂટી પડતાં આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે મકાન સંપૂર્ણપણે ખાલી હોવાથી કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. માહિતી મળતા જ ઘાંચી શેરી ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

ફાયર સબ ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતું કે હરિપુરા વિસ્તારની સુખડિયા શેરીમાં આવેલું મકાન નં. 3/190 લાંબા સમયથી બંધ અને જર્જરિત હાલતમાં હતું. મંગળવારે સાંજે અંદાજે 4:40 વાગ્યે મકાન અચાનક ધરાશાયી થઈ ગયું હતું. મકાન પડતાં જ મોટો ધડાકો સંભળાતા સ્થાનિક રહેવાસીઓ ઘરની બહાર દોડી આવ્યા હતા. ઘટનાને પગલે થોડા સમય માટે વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફાયર બ્રિગેડે સ્થળ પર પહોંચી કાટમાળની તપાસ કરી હતી અને કોઈ વ્યક્તિ ફસાઈ નથી તેની ખાતરી કર્યા બાદ વિસ્તારને સુરક્ષિત જાહેર કર્યો હતો. વરસાદી મોસમ દરમિયાન શહેરમાં જૂનાં અને જર્જરિત મકાનો જોખમરૂપ બનતાં જાય છે.

મનપા દ્વારા 465 જર્જરિત ઈમારત તોડાઈ

મનપાએ શહેરમાં કરેલા સરવેમાં કુલ 670 ખાનગી જર્જરીત ઇમારતો જોખમી હોવાનું બહાર આવ્યું છે. જેમાં 669 ઇમારતોને નોટિસ આપી, 465 ઇમારતોનું ડિમોલિશન કર્યું, જ્યારે 100 ઇમારતો ખાલી કરાવી અથવા સીલ કરી છે. 40 મિલકતોના વીજળી-પાણી જેવા યુટિલિટી કનેક્શન પણ કાપી નાખવામાં આવ્યા છે. સૌથી ગંભીર સ્થિતિ સેન્ટ્રલ ઝોનમાં જોવા મળે છે. અહીં શહેરની કુલ 670 પૈકી 386 જર્જરીત ઇમારતો પૈકી 335 ઇમારતો તોડી પાડી છે, રાંદેરમાં 82, ઉધનામાં 70, સીયનમાં 26, અઠવામાં 62, કતારગામમાં 16, લિંબાયતમાં 17, વરાછામાં 7 અને સરથાણામાં 4 ઇમારતો જોખમી હોવાનુ બહાર આવ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

રાષ્ટ્રીય કલાકેન્દ્ર દ્વારા 'અઢી અક્ષરનું ચોમાસું' શિર્ષક હેઠળ વરસાદી કવિ સંમેલન યોજાયું

સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા 'અઢી અક્ષરનું ચોમાસુ' શિર્ષક હેઠળ "વરસાદી કવિસંમેલન"નું આયોજન રવિવારે વજુભાઈ ટાંક હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨ જેટલા કવિઓએ ગઝલ અને કવિતાઓની રચના પ્રસ્તુત કરી હતી. મુખ્ય મહેમાન તરીકે મનપાની સાંસ્કૃતિક સમિતિના ચેરમેન રાજેશ રાણા અને ડ્રેનેજ કમિટિના ડેપ્યુટી ચેરમેન રજનીશ દેસાઈએ હાજરી આપી હતી. પ્રારંભે સંસ્થાના પ્રમુખ રૂપીન પચ્ચીગરે આવકાર પ્રવચન આપતા જણાવ્યું હતું કે, સંસ્થા છેલ્લાં ૭૨ વર્ષથી કલાનો વ્યાપ વધારવા માટે કાર્યરત છે. કોઈપણ લેખક, કવિ કે વિવેચક પોતાનાં પુસ્તકનું વિમોચન કરવા માંગતા હોય તો રાષ્ટ્રીય કલા કેન્દ્ર એમને વિમોચન માટે હોલ સહિત અન્ય સુવિધાઓ વિનામૂલ્યે આપે છે. સંસ્થા એમનો વિમોચન પ્રસંગ ઉજવે છે. કવિ સંમેલનમાં પદ્મશ્રી ચઝદી કરંજિયા, ભરત ભાવસાર, યામિની વ્યાસ, પૂર્ણિમા ભટ્ટ અને હિમાંશુ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન યામિની વ્યાસે કર્યુ હતુ. આભારવિધિ ભરત ભાવસાર અને પૂર્ણિમા ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

ઔરો યુનિ.માં FOLના ત્રીજા-ચોથા દિવસે વિવિધ વિષયો પર વર્કશોપ યોજાયા

સુરતઃ ઔરો યુનિવર્સિટીના ફેસ્ટિવલ ઓફ લર્નિંગ-2026ના ત્રીજા અને ચોથા દિવસે નવા વિદ્યાર્થીઓ માટે સર્જનાત્મકતા, અભિવ્યક્તિ અને અનુભવ આધારિત શિક્ષણને કેન્દ્રસ્થાને રાખતા વિવિધ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં નિહારિકા દવે દ્વારા 'Pebble Art', ડો. અર્પિતા પુરોહિત અને હાર્દી પવાસિયા દ્વારા 'Block Print on Fabrics', જુહિકા દેવી ભાંજેદેઓ દ્વારા 'Glass Painting', કામિની સોલંકી દ્વારા 'Battobai Craft', ડો. રોચક સક્સેના દ્વારા 'Short Filmmaking', કુમાર ભોઈ, હેલન પિન્ટો, પાર્થ સેઠ અને દેવાંગ સુથાર દ્વારા 'Theatre', મિતલ મરજાડી દ્વારા 'Warli Art' અને આકાશ શર્મા દ્વારા 'Origami' વિષય પર વર્કશોપ કરવામાં આવ્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહથી ભાગ લેવામાં આવ્યો હતો.

નવી સિવિલ હોસ્પિ.માં કેપી ગ્રુપના ડો. ફારૂક પટેલે 3 ઈલે. ગોલ્ફ કાર્ટ દાનમાં આપી

સુરતઃ રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં કામ કરતા કેપી ગ્રુપના ચેરમેન -એમડી ડો. ફારુક પટેલએ તેમના ટ્રસ્ટ કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના માધ્યમથી હજારો દર્દીઓને નવી સિવિલમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે ત્રણ ઈલેક્ટ્રિક ગોલ્ફ કાર્ટ (કાર) ભેટમાં આપી માનવતાનું ઉદાહરણ પુરું પાડ્યું છે. આ કાર સિવિલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. પારુલ વડગામા અને પારિવારિક સંઘના પ્રમુખ ઈકબાલ કડીવાળાએ સ્વીકારી હતી.

કે.પી. એંગ્લો વિદ્યાનીટના 12 વિદ્યાર્થીએ NEET પાસ કરી

સુરતઃ મેડિકલ પ્રવેશ પરીક્ષા NEETનાં પરિણામો જાહેર થતાં કે.પી એંગ્લો વિદ્યાનીટ શાળાના પરીક્ષા આપનારા ૧૪ વિદ્યાર્થીઓમાંથી ૧૨ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આ પ્રતિષ્ઠિત પરીક્ષા પાસ કરીને સંસ્થા અને પોતાના માતા-પિતાનું નામ રોશન કર્યું છે. સંસ્થાના પ્રમુખ ડો. નસીમ જી.કાદરી અને માનદમંત્રી મુલ્લા અબ્દુલહય અબ્દુલઅઝીઝે જણાવ્યું હતું કે, આ સફળતા માત્ર વિદ્યાર્થીઓની જ નથી, પરંતુ તેમના માતા-પિતાના વિશ્વાસ અને અમારા અનુભવી શિક્ષકોના યોગ્ય માર્ગદર્શનનું પરિણામ છે. તમામ વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય સંસ્થાના શિસ્તબદ્ધ વાતાવરણ, નિયમિત ટેસ્ટ સીરીઝ અને ડાઉટ સોલ્વિંગ સેશન્સને આપ્યો હતો. કારોબારી સભ્યો દ્વારા ડો.ફારૂકભાઈ પટેલ (કે.પી)ને સન્માન્તિ કરવામાં આવ્યા હતા. કે.પી એંગ્લો વિદ્યાનીટના સંચાલક મોહંમદભાઈ પટેલ તથા વિદ્યાનીટના સ્ટાફ, સંસ્થા સહ-માનદમંત્રી ખાન હયાતખાન કાદરખાને પણ શુભેછાઓ પાઠવી હતી.

અનાવિલ સહિયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ અડાજણ દ્વારા ચોથો યાગ યોજાયો

સુરતઃ અનાવિલ સહિયર સખા ચેરિટેબલ ટ્રસ્ટ અડાજણ દ્વારા ૬ યાગનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે ચોથા યાગમાં માતાજીના નવચંડી યજ્ઞનું આયોજન તા.૧૯ જુલાઈ, ૨૦૨૬ રવિવારના દિવસે રાખવામાં આવ્યું હતું. જેનો ૯૦ ભાઈઓ-બહેનો એ લાભ લીધો હતો. સુંદર ભક્તિમય વાતાવરણમાં મહારાજના મધુર કંઠે નવચંડી યજ્ઞની પૂજાવિધિ સંપન્ન થઈ હતી. ટ્રસ્ટની બહેનોએ અને ભાઈઓએ સ્વયંસેવક તરીકે સેવા આપી હતી.

સાંપ્રત સમયમાં સુખ, શાંતિ, સમાધિ અને સ્વસ્થતાનો છેદ ઊડી રહ્યો છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ ગોકુળનગર નજરાણા શ્રી નેમિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘના આરાધના ભવનમાં વર્ષાવાસ કાજે પધારેલા જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં ગિરનારમંડન શ્રી નેમિનાથ પ્રભુના નિર્વાણ કલ્યાણક નિમિત્તે 'શ્રી વર્ધમાન શક્રસ્તવ'ના મહાભિષેકનો કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ અને વિશિષ્ટ ઔષધિ દ્વારા પ્રભુનો મહાભિષેક ઘંટનાદ, શંખનાદ, ડફલીનાદ અને તાલીનાદ સાથે આ અભિષેકમાં નેમિભક્તો ભારે હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા. સંગીતની સરગમે પ્રભુભક્તો તલ્લીન બન્યા હતા. વિશ્વશાંતિ અને આત્મશુદ્ધિ માટે શક્રસ્તવ મહાભિષેકનું અનુષ્ઠાન યોજાયું હતું. આ પાવન અવસરે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સર્વથા અને સર્વદા આપણા દુઃખો અને ભીતરી દોષોમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે આ અભિષેક કરવાનો છે. સામ્પ્રત સમયમાં કૌટુંબિક, પારિવારિક, સામાજિક, આર્થિક અને વૈશ્વિક સમસ્યાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. સુખ, શાંતિ, સમાધિ અને સ્વસ્થતાનો છેદ ઊડી રહ્યો છે. ભૌતિકશક્તિ આવા સમયે કાંઈ જ કામ નહીં લાગે.

ચેમ્બર ઓફ કોમર્સની એનઆરજી કમિટીમાં એડ્વોકેટ પ્રીતિ જોશીની નિમણૂક

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની એનઆરજી કમિટીના એડવાઈઝર તરીકે બીસીજી સભ્ય અને સુરતના જાણીતા એડવોકેટ પ્રીતિ જીજ્ઞેશ જોશીની નિમણૂંક કરવામાં આવી છે. આ નિમણુંક બદલ પ્રીતિ જોશીને વકીલમિત્રો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

ભીવંડીના વેપારીનું પકડ વોરંટ રદ કરવાની અરજી રદ

સુરતઃ સચિન સ્થિત એકયુરેટ ટ્રાન્સહિટ પ્રા.લી પાસેથી ખટોર ફાઈબર્સ એન્ડ ફેબ્રિકસ લિમિટેડ કંપનીએ મશીનરી તથા પાર્ટસની ખરીદી કરી બાકી રૂા.૫૬.૯૧ લાખની રકમના ૬ ચેક આપ્યાં હતાં. જે ચેક રિટર્ન થતાં ખટોર ફાઈબર્સ એન્ડ ફેબ્રિકસ લિમીટેડના ડિરેકટર્સ કૈલાશકુમાર ખટોર, અશોકકુમાર ખટોર, દેવ કુમાર લોહાર વિરૂધ્ધ પાંચ ચેક રીટર્નની ફરિયાદ થઈ હતી. આ કેસની ન્યાયિક પ્રક્રિયામાં આરોપી કૈલાશકુમાર ખટોર હાજર નહીં થતાં એક કેસમાં કોર્ટે પકડ વોરંટ ઈસ્યુ કર્યું હતું. જે રદ કરવા આરોપીએ અરજી કરી હતી. પરંતુ આરોપી હાજર નહીં થતાં ફરિયાદ પક્ષે વકીલ નરેશ ગોહિલે વાંધો ઉઠાવી રજૂઆત કરી હતી. કોર્ટે ફરિયાદ પક્ષની રજુઆતને માન્ય રાખતાં આરોપી હાજર થયો હતો. કોર્ટે આરોપી કૈલાશ ખટોરની અરજી રદ કરી જયુડીશીયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કર્યો હતો.

મોબાઈલનો ભંગારી સુરતમાં 348 મોબાઈલ, 2034 સિમ સાથે પકડાયો

2,304 સિમકાર્ડ, 327 મેમરી કાર્ડ,350 મધરબોર્ડ, 88 બેટરી સહિત રૂ. 8.73 લાખનો મુદ્દામાલ લિંબાયત પોલીસે કબજે કર્યો

સુરતઃ મોબાઈલને ભંગારમાં વેચતા ગઠિયાને લિંબાયત પોલીસે પકડી લઈ આંતરરાજ્ય મોબાઈલ સ્ક્રેપ રેકેટનો પર્દાફાશ કર્યો છે. લિંબાયત પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.ડી. ચૌહાણ અને સેકન્ડ પીઆઈ ડી.બી. ચાવડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પીએસઆઈ કે.પી. જાડેજા તથા પીએસઆઈ જે.જી. ચારણની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ અજીતસિંહ અને લક્ષ્મણભાઈને બાતમી મળી હતી કે, એક ઈસમ બર્ગમેન મોપેડ (GJ-05-TF-6513) પર પ્લાસ્ટિકની થેલીઓમાં મોબાઈલ અને સીમકાર્ડ લઈને નવાનગર અંડરપાસથી નીલગીરી સર્કલ તરફ આવી રહ્યો છે.

બાતમી આધારે પોલીસે વોચ ગોઠવીને કામીલ સલીમ મલીક (ઉ.વ.૩૨, રહે. ખાનપુરા, લિંબાયત, મૂળ મેરઠ, યુ.પી.)ને અટકાયતમાં લીધો હતો. પોલીસે આરોપીની ઝડતી લેતાં કોઈ પણ આધાર-પુરાવા કે બિલ વગરના ૩૪૮ નંગ મોબાઈલ ફોન, ૩૫૦ નંગ મધરબોર્ડ, ૨,૩૦૪ નંગ સીમકાર્ડ, ૩૨૭ નંગ મેમરી કાર્ડ, ૮૮ નંગ બેટરી અને રૂ. ૭૦,૦૦૦ની કિંમતનું મોપેડ મળી કુલ રૂ. ૮,૩૭,૭૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે તેની વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દિલ્હીની સીલમપુર કબાડ માર્કેટમાં સપ્લાયનું નેટવર્ક

કડક પૂછપરછ દરમિયાન આરોપી કામીલ મલીકે કબૂલાત કરી હતી કે, તે સાગર દેવીપૂજક, ભોલા દેવીપૂજક, ચેતન દેવીપૂજક અને વિપુલ નામના ઈસમો પાસેથી સસ્તા ભાવે ચોરીના મોબાઈલ ખરીદતો હતો. તે ઘરે જઈને મોબાઈલમાંથી કેમેરા, ડિસ્પ્લે કોમ્બો, મધરબોર્ડ અને બેટરી જેવા સ્પેરપાર્ટ્સ અલગ કરી દિલ્હીના ઓલ્ડ સીલમપુર ખાતે આવેલી ભંગાર માર્કેટમાં મોમીન, ઈમરાન અને ફિરોજ નામના વેપારીઓને પોતાનો નફો રાખીને વેચતો હતો. આરોપી છેલ્લાં 3 વર્ષથી આ કાળો કારોબાર ચલાવતો હતો. તપાસ દરમિયાન સુરતના ખટોદરા પોલીસ સ્ટેશન અને ઓરિસ્સાના કોરાપુટ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી CEIR પોર્ટલ પરની મોબાઈલ ગુમ/ચોરીની અરજીઓનો પણ ઉકેલ લાવવામાં સફળતા મળી હતી.

એરપોર્ટ પર વિમાનનું ઈમરજન્સી ડોર ખોલવાના પ્રયાસથી દોડાદોડી

ઈન્ડિગોના ક્રૂ અને CISFની સતર્કતાથી સંભવિત સુરક્ષા જોખમ ટળ્યું, મુસાફર જીતેન્દ્ર મણિયા ડુમસ પોલીસને હવાલે કરાયો

સુરતઃ સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોમવાર, 21 જુલાઈ 2026ના રોજ ઈન્ડિગોની સુરત-ગોવા ફ્લાઈટમાં એક મુસાફરે વિમાનનું ઈમરજન્સી એક્ઝિટ ડોર ખોલી દેવાનો પ્રયાસ કરતાં ક્ષણિક અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે ઈન્ડિગોના કેબિન ક્રૂ અને CISFની તાત્કાલિક સતર્કતાના કારણે સંભવિત સુરક્ષા જોખમ ટળી ગયું હતું.

મળતી માહિતી મુજબ ઈન્ડિગોની ફ્લાઈટ 6E-419 સુરતથી ગોવા જવા માટે રવાના થવાની તૈયારીમાં હતી. બોર્ડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પુણાગામ, સુરતના રહેવાસી જીતેન્દ્રભાઈ મણિયા, પોતાની ફાળવેલી સીટ નંબર 19A પર બેઠા હતા. તે દરમિયાન તેમણે અચાનક વિમાનનું ઈમરજન્સી એક્ઝિટ ડોર ખોલવાનો પ્રયાસ કર્યો હતો.

ઘટનાની જાણ થતાં જ ઈન્ડિગોના કેબિન ક્રૂએ સમયસૂચકતા દાખવી મુસાફરને તાત્કાલિક કાબૂમાં લીધો હતો. સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમને તરત જ વિમાનમાંથી ઉતારી દેવામાં આવ્યાં હતા. ઘટનાની જાણ થતાં જ CISF તેમજ એરપોર્ટની અન્ય સુરક્ષા એજન્સીઓએ ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી. નિર્ધારિત સુરક્ષા પ્રોટોકોલ મુજબ તમામ જરૂરી કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ સંબંધિત મુસાફરને વધુ તપાસ અને કાનૂની કાર્યવાહી માટે ડુમસ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

આ સમગ્ર ઘટનામાં કોઈ પણ મુસાફર કે વિમાનને કોઈ પ્રકારનું નુકસાન થયું નહોતું. તમામ સુરક્ષા તપાસ અને જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ થયા બાદ ફ્લાઈટનું સંચાલન નિયમો મુજબ સુરક્ષિત રીતે કરવામાં આવ્યું હતું.

દબાણોથી અમરોલી-છાપરા ભાઠા, મોટા વરાછાના સર્વિસ રોડ ગાયબ!

વારંવાર રજૂઆત છતાં ઉકેલ નહીં આવતા સ્થાનિક નગરસેવકોએ પોલીસ કમિશનર અને ઝોનના વડાને પત્ર લખ્યો

સુરતઃ સુરતમાં શહેરના અનેક મુખ્યા રસ્તાઓ પર લારી-ગલ્લાં અને આડેધડ પાર્ક કરેલા વાહનોના કારણે જાણે મૂળ રસ્તાઓ જ ગાયબ થઈ ગયા હોય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. ખાસ કરીને અમરોલી અને મોટા વરાછા જેવા ધમધમતા વિસ્તારોમાં સ્થાનિક રહીશો અને વાહનચાલકો રોજિંદી ટ્રાફિક જામની હાલાકી ભોગવી રહ્યા છે.

આ મુદ્દે કોર્પોરેટર વિજય ભાટીયાએ ટ્રાફિક શાખાના એડિશનલ પોલીસ કમિશનર તથા કતારગામ ઝોનના ઝોનલ ચીફને સત્તાવાર રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે અમરોલી ચાર રસ્તાથી છાપરાભાઠા ગામ સુધીના બંને બાજુના સર્વિસ રોડ પર લારી-ગલ્લાંના દબાણો અને આડેધડ વાહન પાર્કિંગને કારણે સામાન્ય નાગરિકો માટે અવરજવર કરવી દુષ્કર બની ગઈ છે, જેથી આ સર્વિસ રોડ તાત્કાલિક અસરથી ખુલ્લા કરાવવામાં આવે. બીજી તરફ, કોર્પોરેટર ચંદ્રીકાબેન આસોદરિયાએ પણ ટ્રાફિક પોલીસ શાખાને પત્ર લખીને રજૂઆત કરી છે કે વી.આઈ.પી. સર્કલથી અબ્રામા ચેક પોસ્ટ સુધીના આર.સી.સી. રોડ, લજામણી ચાર રસ્તાથી સ્મશાન/કબ્રસ્તાન સુધીના મુખ્ય માર્ગ, કૃષ્ણા ટાઉનશીપથી એ.બી.સી. સર્કલ અને એ.આર. મોલથી તાપી કિનારા તરફ જતા માર્ગો પર રસ્તાની બંને બાજુ થતા ગેરકાયદે પાર્કિંગથી માર્ગો સાંકડા થઈ જાય છે. પરિણામે કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાય છે. બંનેએ તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

કાપડ વેપારી સાથે રૂપિયા ૧.૫૪ કરોડની ઠગાઈ કરાઈ

દિલ્હી-હરિયાણાના ચાર વેપારી સામે ગુનો દાખલ

સુરત : સુરતના એક કાપડના વેપારીને હરિયાણા અને દિલ્હીના ચાર ઠગ વેપારીઓએ યોજનાબદ્ધ રીતે રૂપિયા 1.54 કરોડનો ચુનો ચોપડ્યો હતો. પાલ વિસ્તારમાં આવેલા રાધે શ્યામ ટાઉનશીપમાં રહેતા અને કાપડનો વેપાર કરતા પારૂલબેન પીયુષભાઈ કટલરીવાલાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૧માં હરિયાણાના ગુરુગ્રામ સ્થિત 'ખુલ્લર એપરેલ્સ પ્રાઇવેટ લિમિટેડ'ના ડિરેક્ટર હેમંત ખુલ્લર અને કાંતા ખુલ્લરે એપ્રિલ-૨૦૨૪થી જુલાઈ-૨૦૨૫ દરમિયાન તેમની નવી ભાગીદારી પેઢી 'ખુલ્લર એપ'ના ભાગીદારો વિજય ખુલ્લર અને જ્યોતિ પારૂથીએ ભેગા મળી ૯૦ દિવસની ક્રેડિટ પર કુલ રૂપિયા ૧.૬૨ કરોડથી વધુની કિંમતનો કાપડનો તૈયાર માલ મંગાવ્યો હતો. પરંતુ બાદમાં ૧.૫૩ લાખ જેટલું આંશિક પેમેન્ટ કર્યું હતું અને રૂપિયા ૭.૨૬ લાખનો માલ ખરાબી બતાવી પરત કર્યો હતો અને બાકીના રૂપિયા ૧.૫૪ કરોડથી વધુનું પેમેન્ટ ચૂકવવામાં ઠાગાઠૈયા શરૂ કર્યા હતા. સુરતના વેપારીના પતિએ ધક્કા ખાધા છતાં વાયદા કરીને ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા.

ઠગબાજ આરોપીઓ

(૧) હેમંત ખુલ્લર (ખુલ્લર એપિયરલ્સ પ્રાઇવેટ લિમિટેડના ડીરેક્ટર રહે, હરિયાણા) (૨) કાંતા ખુલ્લર એપિયરલ્સ પ્રાઇવેટ લિમિટેડના સત્તાવાર ડિરેક્ટર (રહે.એજન. (૩) વિજય ખુલ્લર ખુલ્લર એપિયરલ્સ ભાગીદારી પેઢીના ભાગીદાર રહે, દિલ્હી (૪) જ્યોતી પારૂથી ખુલ્લર એપિયરલ્સ ભાગીદારી પેઢીના ભાગીદાર

લસકાણામાં મૈત્રી કરારથી રહેતી યુવતીનું ફિલ્મી ઢબે અપહરણ

સૌરાષ્ટ્ર સોસાયટીમાં ૧૦થી વધુ પરિજનો ઘરમાંથી યુવતીને વાળ પકડી કારમાં લઈ ફરાર

યુવક-માતાને નિર્દયતાથી માર મરાયો, દહેશત ફેલાવતી ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ

સુરતઃ લસકાણાની સૌરાષ્ટ્ર સોસાયટીમાં બાળપણના પ્રેમી સાથે મૈત્રી કરાર કરીને રહેતી યુવતીને તેના જ પરિવારજનો અને સગાસંબંધીઓ ઘરમાંથી ઢસડીને બળજબરીપૂર્વક કારમાં અપહરણ કરી ગયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

લસકાણાની સૌરાષ્ટ્ર સોસાયટીમાં પરિવાર સાથે રહેતો અને ટેક્સટાઈલ ક્ષેત્રે ડિઝાઈનર તરીકે કામ કરતો જતીન (નામ બદલ્યું છે) અને તેની સાથે અભ્યાસ કરતી યુવતી વચ્ચે લાંબા સમયથી પ્રેમસંબંધ હતો. યુવતીની સંમતિથી બંનેએ ગત ૧૨ જૂનના રોજ કાયદેસરના મૈત્રી કરાર કર્યા હતા અને યુવતી યુવકના ઘરે રહેવા આવી ગઈ હતી. ત્યારબાદ લસકાણા પોલીસ સ્ટેશનમાં પરિવારની હાજરીમાં પણ યુવતીએ યુવક સાથે જ રહેવાની ઈચ્છા દર્શાવી નિવેદન આપ્યું હતું. આ મૈત્રી કરારથી નારાજ યુવતીના પરિવારજનો ૧૭ જુલાઈના રોજ અચાનક ૧૦થી વધુ લોકોના ટોળા સાથે યુવકના ઘરે ત્રાટક્યા હતા. ઘરમાં ઘૂસેલા લોકોએ બળજબરીથી યુવતીને ઉપાડી જવાનો પ્રયાસ કર્યો હતો. યુવતીએ જવાની ના પાડતાં તેને વાળથી પકડીને રસ્તા પર ઢસડી કારમાં પૂરી દીધી હતી. આ સમયે વચ્ચે પડેલા યુવક અને તેની ગૃહિણી માતા પર પણ ટોળાએ નિર્દયતાથી હુમલો કરી દીધો હતો. સોસાયટીના રહીશો એકઠા થઈ જતાં હુમલાખોરો યુવતીને લઈને ભાગી છૂટ્યા હતા. પીડિત યુવકે લસકાણા પોલીસ મથકે ન્યાયની ગુહાર લગાવી છે.

નવીનતા વિસર્જન બાદ 'મની પ્લાન્ટ' સ્વરૂપે ઘરમાં જ રહેશે મૂર્તિકાર નિશિત કાપડીયાના ગણેશજી

આકર્ષણ જમાવશે સોનાની વરખના ગણપતિ

સુરતઃ 'સુરત સોનાની મુરત છે' એ કહેવતને ચરિતાર્થ કરતો એક અદભૂત અને અનોખો કોન્સેપ્ટ આ વર્ષે સુરતના ગણેશ ઉત્સવમાં જોવા મળી રહ્યો છે. સુરતમાં આ વખતે અસલી 'સોનાની વરખવાળા ગણપતિ' તૈયાર કરવામાં આવ્યાં છે, જે શ્રદ્ધાળુઓમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. મૂર્તિકાર નિશિત કાપડિયા દ્વારા તૈયાર કરાયેલી આ ગણેશજીની મૂર્તિઓ કોઈ સામાન્ય મૂર્તિઓ નથી, પરંતુ કલા અને પર્યાવરણની સુરક્ષાનો એક અદભૂત સંગમ છે.

આ વિડિયો જોવામાં QR કોર્ડ સ્કેન કરો

સંપૂર્ણપણે શુદ્ધ અને પવિત્ર માટીમાંથી બનેલી આ મૂર્તિઓ પર અસલી સોનાના વરખ ચડાવવામાં આવ્યા છે. નાની મૂર્તિઓ પર આશરે 4 સોનાના વરખના પત્તાથી લઈને ભવ્ય મોટી મૂર્તિઓ પર 16થી 17 જેટલા વરખના પત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સોનેરી મૂર્તિઓની સૌથી મોટી ખાસિયત એ છે કે તે 100 ટકા ઈકો-ફ્રેન્ડલી છે. ગણેશ ઉત્સવ બાદ જ્યારે કરદાતાઓ અને ભક્તો પોતાના ઘરે જ ટબ કે કુંડામાં આ મૂર્તિનું વિસર્જન કરશે, ત્યારે આ સોનાનો વરખ પણ માટીની સાથે જ ઓગળી જશે. આ સાથ